# પોલીસે ત્રણ સ્થળેથી ૨૫ જુગારીઓને પકડી પાડ્યા

## પાલજ, સે-૨૫ જીઆઈડીસી અને સે-૧૫ ફતેપુરામાંથી શકુનીઓ કુલ ૧,૨૦,૦૦૦ થી વધુના મુદ્દામાલ સાથે ઝડપાયા

ગાંધીનગર, તા.૨૫

શહેરમાં જન્માષ્ટીમના દિવસે જુગારની મૌસમ પુરબહારમાં ખીલી ઉઠી હતી.શહેરમાં જુગારીઓ જુગાર રમવામાં વ્યસ્ત થઈને મસ્ત રમી રહ્યા હતા. તે સમયે સેકટર-૭ પોલીસે સેકટર-૧૫ ફતેપુરા, એલસીબી પોલીસે સે-૨૫ જીઆઈડીસી અને ચિલોડા પોલીસે પાલજ ગામે રંગમાં ભંગ પાડીને જુગારીઓને પકડી પાડ્યા હતા. પોલીસે ત્રણ સ્થળેથી ૨૫ જુગારીઓ પાસેથી કુલ રૂ. ૧.૨૦ લાખનો મુદ્દામાલ કબ્જે કરી તમામ સામે જુગાર ધારાનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પોલીસ પાસેથી મળતી વિગત મુજબ સેકટર-૭ પોલીસ મથકના જવાનો પોલીસ મથકના વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમિયાન અ.પોકો. રતનસિંહ ચુતરસિંહ અને મહાવીરસિંહ ચતુરસિંહને ખાનગી રાહે બાતમી મળી હતી કે ગાંધીનગર શહેરના સેકટર-૧૫ ફતેપુરા ખાતે પ્રહલાદ બળદેવજી ઠાકોરના ઘરના આંગણામાં કેટલાક શખ્સો જુગાર રમી રહ્યા છે. જેને પગલે પોલીસે રેઈડ પાડીને જુગાર રમતા ૮ શકુનીઓને રંગેહાથ પકડી પાડ્યા હતા. જેમાં પ્રહલાદજી બળદેવજી ઠાકોર, વિશાલ દિલિપ ઠાકોર, ભાવેશ



બાબુ રાવત, વિજય ઉર્ફે પિન્ટું ગુલાબજી ઠાકોર, રાકેશજી રમેશજી ઠાકોર, ભુપત સોમાજી ઠાકોર, અજય ઉર્ફે ભયલુ રમેશ ઠાકોર, અને ભાવેસ હસમુખ મકાવાણાનો સમાવેશ થાય છે. પોલીસે દાવ પરથી રોકડ રૂ. ૪૫૦૦ તેમજ અંગજડતી દરમિયાન રૂ.૭૦૩૦ મળીને કુલ રૂ.૧૧,૫૩૦ નો મુદ્દામાલ કબ્જે કરીને તમામ સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

તો બીજીતરફ એલસીબી પોલીસના અ.હે.કો.ભવાનસિંહ પૃથ્વીસિંહને ખાનગી રાહે બાતમી મળી હતી કે સેકટર-૨૫ જીઆઈડીસી પ્લોટ નં.૮૯ ખાતે હેન્ડ ટુ હેન્ડ કેલીબેટર્સ કંપનીના કંપ્માઉન્ડમાં આવેલી ખુલ્લી જગ્યામાં કેટલાક શખ્સો જુગાર રમી રહ્યા છે. જેને પગલે એલસીબી પોલીસે બાતમીવાળી જગ્યાએ જઈને રેઈડ પાડીને જુગાર રમતા ૭ શકુનીઓને પકડી પાડ્યા હતા. જુગારીઓમાં નિયાઝ સિદીકી નિશાત સિદિકી સિદીકી સે-૨૫ જીઆઈડીસી, બી-૮૯ ગાંધીનગર મુળ રહે. યુપી, મોટીઆદરજ રોહિત વાસમાં રહેતા નરેન્દ્ર ભીખા પરમાર, સરગાસણ સ્થાપન-૧ એફ-૩૦૧ ખાતે રહેતા અમિત અમૃત પટેલ, કોલવડા સોમનાથ સોસાયટી ખાતે રહેતા કુંદનસિંઘ પ્રમોદસિંઘ ચંદ્રાયન, ઉનાવા વાણીયાવાસ ખાતે રહેતા અનિલ શાંતિલાલ પટેલ, ઉનાવા નવા ઘરામાં રહેતા કુરીયન ભુલા પટેલ, અને લાડોલ ખાતે રહેતા વિપુલ આત્મારામ ચૌહાણનો સમાવેશ થાય છે. પોલીસે દાવ પરથી રોકડ રૂ. ૧૦,૯૪૦ તેમજ મોબાઈલ નંગ-૭ કિ.રૂ.૨૪,૫૦૦ મળીને કુલ રૂ. ૩૪,૪૪૦ નો મુદ્દામાલ કબ્જે કરી એલસીબી પોલીસે ગુનો નોંધી કાયેદસરની કાર્યવાહી હાથ ધરી છે.

તો બીજીતરફ ચિલોડા પોલીસ મથકના જવાનો વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમિયાન પોલીસ કર્મચારીઓને બાતમી મળી હતી કે પાલજ ગામ નજીક આવેલા જીલ ફાર્મના કંમ્પાઉન્ડમાં કેટલાક શકુનીઓ જુગાર રમી રહ્યા છે. પોલીસે બાતમીવાળી જગ્યાએ રેઈડ પાડીને જુગાર રમતા ૧૦ શકુનીઓને દબોચી લીધા હતી.ચિલોડા પોલીસે દાવ પરથી રોકડ રૂ. ૨૧,૭૦૦ તેમજ મોબાઈલ નંગ-૭ કિ. ૫૪,૩૦૦ મળીને કુલ રૂ. ૭૬,૦૦૦ નો મુદ્દામાલ કબ્જે કરી તમામ સામે જુગારધારા હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# પૂ. બાપજીનો નશ્વર દેહ પંચ મહાભૂતમાં વિલીન

## હરિભક્તોના મહેરામણે છલકતી આંખે પૂ. બાપજીને અંતિમ વિદાય આપી : સ્વામિનારાયણ ધામ ખાતે સંપૂર્ણ શાસ્ત્રોક્ત વિધિ અનુસાર પૂ. બાપજીની અંતિમ ક્રિયા કરાઈ

ગાંધીનગર, તા.૨૫

એસએમવીએસ સ્વામિનારાયણ સંસ્થાના પૂ. દેવનંદનદાસજી સ્વામી ઉર્ફે પૂ. બાપજીએ શનિવારે હજારો હરિ ભકતોની ઉપસ્થિતિ અને છલકતી આંખો સામે અંતિમ વિદાય લઈ લીધી હતી. પૂ. બાપજીના પાર્થિવ દેહની ગાંધીનગરના કુડાસણ ખાતેના સ્વામિનારાયણ ધામ ખાતે સંકુલની પરંપરાગત રીતે શાસ્ત્રોકત વિધિ અનુસાર અંતિમ ક્રિયા કરવામાં આવી હતી.



પૂ. બાપજીના દેહાવસાનના સમાચાર સાથે હરિભકતોના ટોળે ટોળા સ્વામિનારાયણ ધામ ખાતે ઉમટી પડયા હતા અને પ્રભુ નામ સ્મરણ સાથે પૂ. બાપજીના અંતિમ દર્શન કર્યા હતા. શનિવારે બપોરે બાપજીને જયારે અંતિમ સંસ્કાર માટે લઈ જવાયા ત્યારે અસંખ્ય હરિભકતોની આંખમાંથી અશ્રુધારા વહેવા લાગી હતી અને તેમની નજર સામે તેમના પૂજય અને પ્રિય એવા પૂ. બાપજીના નશ્વર દેહને સનાતન ધાર્મિક પરંપરા મુજબ શાસ્ત્રોકત વિધિ પ્રમાણે મંત્રોચ્ચાર સાથે અંતિમ ક્રિયા કરવામાં આવી હતી. આ ઘડીના સાક્ષી બનવા રાજયભરમાંથી ખૂબ મોટી સંખ્યામાં દર્શનાર્થીઓ ઉમટી પડયા હતા. અને અંતિમ વિધિ સાથે જ 'દેવુભાઈ'માંથી પૂ. દેવનંદનદાસજી સ્વામી અને અંતે પૂ. બાપજી બનેલા સ્વામિનારાયણ સંપ્રદાયના વરિષ્ઠ સંત પંચમહાભૂતમાં વિલિન બની ઈતિહાસમાં તેમના શુભકર્મો થકી સુવર્ણ અક્ષરે સ્થાન મેળવી ચુકયા હતા.

# બોરીજ ખાતે ગાળો બોલવાની ના પાડતા શખ્સ પર ચપ્પાથી હુમલો

ગાંધીનગર શહેરમાં સમાવેશ બોરીજ ગામના નવા પરા વિસ્તારમાં એક યુવાન ને ગડદા-પાટુનો માર મારી ચપ્પાથી હુમલો કરી ઈજા પહોંચાડી છે. બોરીજ નવા પરામાં આવેલા જોગણી માતાના મંદિર પાસે વણઝારા વાસ નજીક આ ઘટના બની હતી. એક શખ્સ જોરજોરથી ગાળો બોલી રહ્યો હતો, તેને ગાળો બોલાવની ના પાડતા ઉશ્કેરાઈને ત્રણ જણાએ યુવાન પર હુમલો કર્યો હતો. યુવાનને ગાલના ભાગે ઈજા પહોંચતા લોહી લુહાણ થતા તાત્કાલીક ગાંધીનગર સિવિલ સારવાર માટે ખસેડાયો હતો. ત્યાંથી વધુ સારવાર માટે અમદાવાદ રીફર કરવામાં આવ્યો છે.

રાકેશ રમેશભાઈ દંતાણી ઉં.વ.૩૫ બોરીજ નવુ પરુ વણઝારા વાસ ખાતે રહે છે અને ભંગાર લે વેચનો વેપાર કરે છે. સેકટર-૨૧ પોલીસ મથકે રાકેશ દંતાણી નોંધાયેલી ફરીયાદ મુજબ શનિવારના રોજ સાડા નવ વાગ્યાના અરસામાં રાકેશ દંતાણી જોગણી માતાના મંદિર પાસે ઉભો હતો. તે સમયે નજીકમાં રહેતા અજય દંતાણીના પિતા ધીરુભાઈ દંતાણી (સે-૨૧ શાકમાર્કેટની સામે) મંદિર પાસે આવીને જોર જોરથી ગાળો બોલતા હતા. તે સમયે ધીરુભાઈને ગાળો બોલવાની ના પાડતા તે રાકેશ પર ઉશ્કેરાઈ ગયા હતા. ધીરુભાઈએ રાકેશને ગડદા-પાટુનો માર મારતા હતા તે સમયે તેમની પત્ની અને દિકરો દોડી આવ્યા હતા અને ઉપરાણું લઈને માર મારવા લાગ્યા હતા.તે સમયે અચાનક ધીરુભાઈએ તેમના ખીસ્સામાં રહેલું ચપ્પુ કાઢી રાકેશને જમણા ગાલ પર મારી દીધુ હતું. ગાલ પર ચપ્પુ મારતા લોહી નીકળતા રાકેશની પત્ની અને બાજુમાં રહેતા પાડોશીઓ દોડી આવ્યા હતા અને વધુ મારમાંથી બચાવ્યો હતો.




ગાંધીનગરના વાવોલ ગામમાં આવેલ અક્ષર હોમ્સ સોસાયટીના રહીશો દ્વારા કૃષ્ણ જન્મોત્સવ ઉજવાયો હતો. આ કાર્યક્રમમાં નાના-નાના બાળકો દ્વારા યોજવામાં આવ્યો હતો. જેમાં સોસાયટીના રહીશો મોટી સંખ્યા ઉપસ્થિત રહી નાના બાળકોને પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું.

# આઈઆઈટી ગાંધીનગરના ડાયરેકટરપદે સતત ત્રીજીવાર ડૉ. સુધીર જૈનની નિમણૂંક

ગાંધીનગર, તા.૨૫

ગાંધીનગરના પાલજ ખાતે સ્થિત ઈન્ડિયન ઈન્સ્ટિટયુટ ઓફ ટેકનોલોજી-આઈઆઈટીના ડાયરેકટર પદે પ્રો. ડૉ. સુધીર જૈનને વધુ પાંચ વર્ષ માટે ચાલુ રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. પ્રો. ડૉ. સુધીર જૈનની બીજી ટર્મ જુનમાં પુરી થઈ ગઈ હતી અને રાષ્ટ્રપતિના આદેશથી ફરી એકવાર તેમને ત્રીજી વાર ડાયરેકટર પદે નિયુકત કરવામાં આવ્યા છે. છેલ્લા દસ વર્ષથી ફાઉન્ડિંગ ડાયરેકટર તરીકે સેવાઓ આપી રહેલા પ્રો. ડૉ. જૈને જણાવ્યું હતું કે, 'તેઓ આ નિર્ણયથી ખૂબ જ રોમાંચ અનુભવી રહ્યા છે અને ફરી એકવાર આઈઆઈટીના મિશનને પરિપૂર્ણ



કરવા કાર્યરત થવા તેઓ કટિબધ્ધ છે.' તેઓ આગામી માસે તેમનો હોદ્દો ફરી સંભાળી લશે. અત્રે ઉલ્લેખનીય છે કે પ્રો. સુધીર જૈને યુનિવર્સિટી ઓફ રૂરકી ખાતેથી ઈજનેરી સ્નાતક ડિગ્રી મેળવી પછી માસ્ટર ડિગ્રી તથા ડોકટરેટ પદવી અમેરિકાની કેલિફોર્નિયા ઈન્સ્ટિટયુટ ઓફ ટેકનોલોજી ખાતેથી પ્રાપ્ત કરી હતી તેઓ આઈઆઈટી કાનપુરમાં સિવિલ એન્જિનીયરીંગના ફેકલ્ટી તરીકે સેવાઓ આપી ચુકયાં છે. તેઓ ઘણી રાષ્ટ્રીય આંતરરાષ્ટ્રીય સંસ્થાઓમાં પણ પ્રતિનિધિત્વ કરી ચુકયા છે. અને તેમની આગેવાની હેઠળ આઈઆઈટી ગાંધીનગરે પણ સારી ઓળખ પ્રાપ્ત કરી છે.

# વિશ્વમાં ૧૯૩૦માં આવેલી મહામંદી પર પુસ્તકો લખાયા, ફિલ્મો પણ બની હતી

ટાઈમ લાઈન - ગૌતમ પુરોહિત

કોઈ અર્થશાસ્ત્રીએ કહ્યું છે કે - ''પ્રત્યેક વિનાશની પાછળ નવા જીવનની સંભાવના છૂપાયેલી હોય છે અને તેનાથી બહેતર જીવનનો આધાર મળે છે. જો ગહન દ્રષ્ટીથી વિચાર કરવામાં આવે તો મંદીને પણ આવો રચનાત્મક વિનાશ માનવામાં આવે છે જે બજાર અર્થવ્યવસ્થા માટે પ્રેરક બળનું કામ કરે છે.''

**જોન સ્ટીનબેક એ લખેલા "The Grapes of Wrath" પુસ્તકને સાહિત્યનો નોબલ પુરસ્કાર મળ્યો હતો**

કોઈપણ મંદીમાંથી ઉગરવા માટે ત્રણ સ્તરના પ્રયાસ થતાં હોય છે. પહેલો પ્રયાસ સરકારના સ્તરે હોય છે. બીજો પ્રયાસ કેન્દ્રીય બેન્ક ના સ્તરે હોય છે જ્યારે ત્રીજો પ્રયાસ ઉદ્યોગ-વ્યવસાયના સ્તરે હોય છે. કહેવાય છે કે વ્યવસાય ચક્ર એટલે કે બિઝનેસ સાયકલ ચાર સ્થિતિમાંથી પસાર થાય છે જેમાં (૧) મંદી-રિસેશન (૨) મહામંદી-ડિપ્રેશન (૩) રિકવરી અને (૪) તેજી-બૂમ... જ્યારે જીડીપી અને રોજગારમાં ઘટાડો થાય છે ત્યારે તેને અર્થવ્યવસ્થાને મંદી કહેવાય છે અને તે વધુ પ્રભાવી થાય ત્યારે તે મહામંદીમાં તબદીલ થઈ જાય છે.

**મોદી સરકારની અગ્નિપરીક્ષા...**

આર્થિક મંદી એટલે શું - જ્યારે આંતરરાષ્ટ્રીય સ્તર પર વસ્તુઓ અને સેવાઓના ઉત્પાદનમાં ઘટાડો થાય અને ઘરેલું ઉત્પાદન ત્રણ મહિના સુધી ડાઉન ગ્રોથમાં હોય ત્યારે તે સ્થિતિ ને વિશ્વ આર્થિક મંદી કહે છે. ૨૦૧૯માં મંદી વિશ્વના દરવાજે દસ્તક આપી રહી છે અને તેની અસરમાં ભારત આવી ગયું છે. અમેરિકા અને ચાઈના વચ્ચેના ટ્રેડવોરના કારણે ભારતની નિકાસને અસર થઈ છે. ભારતમાં ઓટો સેક્ટર, ટેક્સટાઈલ અને ડાયમન્ડ સેક્ટરમાં ઉત્પાદન ઘટી રહ્યું છે અને લોકોની રોજગારી છીનવાઈ રહી છે. તેવા સંજોગોમાં કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સિતારામન કેટલાક પેકેજ લઈને આવ્યા છે પરંતુ વૈશ્વિક મંદી સામે કેન્દ્ર સરકારના પેકેજ વામણાં સાબિત થઈ રહ્યાં છે. મોદી સરકારની આ પહેલી અગ્નિપરીક્ષા છે.

**૧૧૦૦૦ બેન્કોનું દેવાળું નિકળ્યું હતું, બેન્કોમાં જમા રકમનો વીમો નહીં હોવાથી લોકોની મૂડી સમાપ્ત**

**આર્થિક મંદીના કારણો...**

ભારતમાં આર્થિક મંદીના ચાર મુખ્ય કારણોમાં (૧) કાચા તેલની વધતી જતી કિંમત (૨) ડોલરની સામે રૂપિયાની ઘટતી કિંમત (૩) રાજકોષીય ઘટ અને (૪) આયાતની સામે નિકાસમાં ઘટાડાથી વિદેશી મુદ્રા કોષમાં ઘટાડો... ઓટો સેક્ટરમાં છેલ્લા ચાર મહિનામાં ૩.૫૦ લાખ લોકોને છૂટા કરવામાં આવ્યા છે અને ૧૦ લાખ નોકરીઓ ખતરામાં છે. અમેરિકા અને ચીન વચ્ચેના વ્યાપાર યુદ્ધના કારણે ભારતમાં પણ આર્થિક મંદીનો ખતરો વધી રહ્યો છે. ઓટોમોબાઈલ પછી ટેક્સટાઈલ સેક્ટરમાં પણ મંદી ફરી વળી છે. સુરતનો ડાયમન્ડ ઉદ્યોગ પણ બાકાત નથી.

**૧૯૨૨થી શરૂઆત થઇ ચૂકી હતી...**

૧૯૨૨માં અમેરિકાએ ફોર્ડન મેક ક્યૂમ્બર ટેરિફ દ્વારા બહારની વસ્તુઓ પર પ્રતિબંધ મૂકી દીધો હતો. આ પ્રતિબંધના કારણે યુરોપિય દેશોના બજાર ઠપ્પ થઈ ગયા હતા. અન્ય દેશોએ પણ બદલાની ભાવનાથી અમેરિકાના માલ પર પ્રતિબંધ લગાવી દીધો હતો. ૧૯૨૯માં ગોલ્ડના ભંડારનો એક મોટો હિસ્સો અમેરિકા પાસે જતો રહ્યો હતો. અમેરિકામાં ૧૩.૭ મિલિયન, જર્મનીમાં ૫.૬ મિલિયન અને બ્રિટનમાં ૨.૮ મિલિયન બેરોજગાર બન્યા હતા. મંદીમાંથી વિશ્વને ઉગારવા માટે ૧૯૩૩માં લંડનમાં એક સંમેલન થયું હતું પરંતુ તે નિષ્ફળ રહ્યું હતું. ૧૯૩૨માં બ્રિટને આયાત એક્ટ બનાવ્યો હતો. સંપૂર્ણ યુરોપમાં આર્થિક વ્યવસ્થા મજબૂત કરવામાં આવી.

**રાષ્ટ્રપતિ હર્બટ હુવરે શું કર્યું હતું...**

ભૂતકાળ જોઈએ તો ૧૯૩૦માં પણ વૈશ્વિક મંદી દરમિયાન અમેરિકાએ આવા જ ટ્રેડ વૉરની શરૂઆત કરી હતી. એ વખતે તત્કાલિન રાષ્ટ્રપતિ હર્બટ હુવરે પણ ૨૦ હજારથી વધારે ચીજવસ્તુઓ ઉપર ટેક્સ વધારી દીધો હતો. પરિણામ એ આવ્યું કે વૈશ્વિક મંદી વધારે ઘેરી બની. આમ તો ૨૦૦૮ની વૈશ્વિક મંદી બાદ તમામ મોટા દેશોના નેતા આંતરરાષ્ટ્રીય વેપારમાં સંરક્ષણવાદી નીતિઓને ટાળતા રહ્યાં છે. એનું કારણ એ કે દુનિયાભરના દેશોના અર્થતંત્રોએ ૧૯૩૦ના દશકમાં થયેલા ટ્રેડ વૉરનો બોધપાઠ લીધો છે. કહેવાય છે કે આ વ્યાપાર યુદ્ધના કારણે જ ૧૯૨૯થી ૧૯૪૧ સુધી વ્યાપેલી વૈશ્વિક આર્થિક મંદીનો જન્મ થયો હતો.

**ડોનાલ્ડ ટ્રમ્પ શું માને છે...**

જોકે ડોનાલ્ડ ટ્રમ્પ અમેરિકાના રાષ્ટ્રપતિ બન્યા ત્યારથી તેમણે અમેરિકા ફર્સ્ટની નીતિ અપનાવી છે જે સંરક્ષણવાદ તરફ દોરી જાય છે. અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ માને છે કે-- જો અમેરિકાને કોઈ બીજા દેશ સાથેના વ્યાપારમાં ખોટ જતી હોય તો ટ્રેડ વૉર શરૂ કરવામાં કશું ખોટું નથી. આ ટ્રેડવોરના કારણે ભારતમાં પણ સ્લોડાઉન શરૂ થયું છે. વિશ્વના દેશોને અમેરિકાની નીતિ સૌથી વધુ સ્પર્શે છે.

**ભારત દેશ પણ બાકાત ન હતો...**

૧૯૩૦માં સમગ્ર વિશ્વ મહામંદીમાં સપડાયું હતું જેમાં ભારત પણ બાકાત ન હતું. મંદીમાં ઉત્પાદનના આંકડા તળીયે આવે છે અને બેરોજગારીના આંકડા ઉંચા આવે છે. અમેરિકાથી શરૂ થયેલું આર્થિક સંકટ ૮૯ વર્ષ પહેલાંની મંદીને યાદ આપે તેવી છે. અમેરિકાથી શરૂ થયેલી મંદીએ દુનિયાના દેશોને ચપેટમાં લીધા હતા. ૧૯૨૩માં અમેરિકાના શેરબજારે છલાંગ લગાવી હતી પરંતુ ૧૯૨૯નું વર્ષ આવતાં સુધીમાં અસ્થિરતાના સંકેત મળ્યા હતા. આખરે ૨૪મી ઓક્ટોબરે ગુબ્બારો ફૂટ્યો.

**શેરધારકોના ૪૦ અબજ ડોલર સાફ...**

એક જ દિવસમાં પાંચ અબજ ડોલરનો સફાયો થઇ ગયો હતો. ૨૯મી ઓક્ટોબરે અમેરિકાનું શેરબજાર ફરીથી તળિયે આવ્યું અને લાખો લોકોની બચત હવા બની ગઈ હતી. આ દિવસે રોકાણકારોને ૧૪ અબજ ડોલરનું નુકશાન થયું હતું જેને બ્લેક ટ્યુઝડે ના નામથી જાણવામાં આવે છે. જુલાઈ ૨૦૨૩ સુધી મંદીના ઓછાયા રહ્યાં હતા. ૨૦૩૦ની મંદીનું કોઈ કારણ ન હતું પરંતુ બેન્કો નિષ્ફળ ગઈ હતી અને શેરબજાર તળિયે આવ્યું હતું. શેરધારકોના ૪૦ અબજ ડોલર સાફ થઈ ગયા હતા. ૧૯૩૦ની મંદીની શરૂઆત ૧૯૨૯થી શરૂ થઈ હતી અને તેનો અંત ૧૯૪૦માં આવ્યો હતો. તેણે આખા દુનિયામાં કહેર મચાવ્યો હતો. ફાંસીવાદ વધ્યો હતો અને અંતે બીજા વિશ્વયુદ્ધની નોબત આવી હતી. રાશનની દુકાનોમાં અન્નના એક દાણા માટે લોકો તરસી રહ્યાં હતા. અમેરિકામાં દુકાળ પડ્યો હતો જેણે મહામંદીની આગમાં ઘી હોમવાનું કામ કર્યું હતું.

**લોકોની મૂડી ખત્મ થઇ ગઇ હતી...**

મંદીની આ આંધીમાં ૧૧૦૦૦ બેન્કોનું દેવાળું નિકળી ગયું હતું. બેન્કોમાં જમા રકમનો વીમો નહીં હોવાથી લોકોની મૂડી ખત્મ થઈ ગઇ હતી. જે બેન્કો બચી હતી તેમણે લેવડ-દેવડ બંધ કરી દીધી હતી. લોકોએ શેર ખરીદવાના બંધ કરતાં કંપનીઓ બંધ થઈ હતી અને લોકોને નોકરીઓ ખોવાનો વારો આવ્યો હતો. આર્થિક મંદીના વાતાવરણ વચ્ચે અમેરિકાની સરકારે તેની કંપનીઓને રક્ષણ આપવાનું શરૂ કર્યું હતું. આ મંદીની સૌથી ઘેરી અસર ઓસ્ટ્રેલિયા પર થઈ હતી. કેનેડામાં ઔદ્યોગિક ઉત્પાદનમાં ૫૮ ટકાનો ઘટાડો નોંધાયો હતો. ફ્રાન્સ આત્મનિર્ભર હોવાથી મંદીની અસર આ દેશમાં ઓછી જોવા મળી હતી. જર્મની પર મંદીની મોટી અસર થઈ હતી, કારણ કે અમેરિકાએ સહાય આપવાનું બંધ કર્યું હતું. આ મહામંદીના પ્રભાવના કારણે ૧.૮૦ કરોડ લોકો બેકાર બન્યા હતા. ૧૯૨૯ થી ૧૯૩૨ દરમ્યાન ઔદ્યોગિક ઉત્પાદનમાં ૪૫ ટકાનો ઘટાડો થયો હતો. આ સમયગાળામાં આવાસ નિર્માણના દરોમાં ૮૦ ટકાનો ઘટાડો હતો.

**પુસ્તકો લખાયા અને ફિલ્મો પણ બની...**

મહામંદી ઉપર કેટલાક પુસ્તકો લખાયા હતા જે પૈકી જોન સ્ટીનબેક એ લખેલા ધ ગ્રેપ્સ ઓફ વર્થ (The Grapes of Wrath) પુસ્તક, જે ૧૯૩૯માં પ્રકાશિત થયું હતું અને તેને સાહિત્યનો નોબલ પુરસ્કાર મળ્યો હતો. એ ઉપરાંત નેશનલ બુક એવોર્ડ અનને પુલિત્ઝર પ્રાઈઝ મળ્યું હતું. આ પુસ્તક સૌથી વધુ પોપ્યુલર બન્યું હતું. આ સમયમાં ધ ગ્રેટ ડિપ્રેશન (અલોન બર્શેડર), ઓફ માઈસ એન્ડ મેન (જોન સ્ટીનબેક) અને ટુ કીલ અ મોકિંગબર્ડ (હાર્પર લી) જેવા પુસ્તકો પણ લખાયા હતા જે મહામંદીની તસવીર અલગ અલગ રૂપોમાં પ્રકાશિત કરે છે. આ વિષય પર માર્ગેટ એટવુડના ઉપન્યાસ ધ બ્લાઈંડ એસેસિન ને ૨૦૦૦માં બુકર પુરસ્કાર મળ્યો હતો. ડેવિડ પોટ્સ એ પણ ધ મિથ ઓફ ધ ગ્રેટ ડિપ્રેશન પુસ્તક લખ્યું હતું. મહામંદી ઉપર હાર્ડ ટાઈમ્સ, ગોલ્ડ ડિગર્સ ઓફ ૧૯૩૩, ઈટ ઈઝ અ વંડરફુલ લાઈફ, ક્રેડલ વિલ રોક, ઓ બ્રધર, વ્હેર આર યૂ અને ધ પર્પલ રોજ ઓફ કાઈરો જેવી અંગ્રેજી ફિલ્મો બની હતી. ૧૯૩૦ની મહામંદીએ લાખો લોકોની જીંદગીને નર્ક બનાવી દીધી હતી.

**બીજી મંદી ૨૦૦૮માં આવી હતી...**

૨૦૦૭માં સંયુક્ત રાષ્ટ્ર અમેરિકામાં લિક્વિડિટીના અભાવથી આર્થિક સંકટ પેદા થયું હતું. મોટી નાણાંકીય સંસ્થાઓ ધરાશયી બની ચૂકી હતી. આ સમયે પણ શેરબજાર તૂટ્યું હતું. હાઉસિંગ માર્કેટમાં મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. અર્થશાસ્ત્રીઓ માને છે કે ૧૯૩૦ ની મહામંદી પછી ૨૦૦૮માં આવેલી મંદી એ નાણાંકીય કટોકટીનું સૌથી મોટું ઉદાહરણ છે. ૨૦૦૮ની શરૂઆતમાં જીડીપીના નકારાત્મક આંકડાઓથી અમેરિકાની અર્થવ્યવસ્થા તૂટી ગઈ હતી. અમેરિકામાં હોમ લોન તેમજ મોર્ગેજ લોન નહીં ચૂકવનારાઓની સંખ્યા તેજીથી વધતી રહી હતી. અમેરિકાના બેલઆઉટ પેકેજ પણ કામ કરી શક્યા ન હતા અને અમેરિકાની ૬૩ બેન્કોને તાળાં લાગી ગયા હતા. અમેરિકાની અસર આખા દુનિયામાં થઈ હતી, જો કે માર્ચ ૨૦૦૯થી અમેરિકાની અર્થવ્યવસ્થામાં રિકવરી જોવામાં આવી હતી.

**ભારતમાં સેન્સેક્સ ડાઉન થયો હતો...**

આ મંદીની અસર ભારતમાં શેરબજાર, ઈમ્પોર્ટ એક્સપોર્ટ, આઉસર્સોસિંગ બિઝનેસ પર વધુ જોવામાં આવી હતી. એક સમયે ૨૧૦૦૦ સુધી પહોંચી ચૂકેલો સેન્સેક્સ ૨૦૦૯ સુધીમાં ૮૦૦૦ ના સ્તર પર આવી ગયો હતો. ડોલરના મુકાબલે રૂપિયો નબળો પડ્યો હતો. આ મંદીના કારણે પ્રમુખ વ્યવસાયો નિષ્ફળ ગયા હતા. ૨૦૦૮ની મંદીમાં ૮૮ લાખ લોકોએ નોકરીઓ ગૂમાવી હતી. યુએસની કુલ નેટવર્થ ૧૯ ટ્રિલિયન ડોલર કરતાં પણ વધુ ઘટી ગઈ હતી અને બેઘર પરિવારોની સંખ્યામાં ચોંકાવનારો વધારો થયો હતો.

**મંદીનું સચોટ કારણ મળતું નથી...**

મંદી કેમ આવે છે તેના વિવિધ કારણો અર્થશાસ્ત્રીઓ કરતા હોય છે પરંતુ સચોટ જવાબ શોધી શક્યા નથી. અલગ અલગ નિષ્ણાંતોએ અલગ અલગ કારણો આપ્યાં છે પરંતુ એક બાબત પર તમામ અર્થશાસ્ત્રીઓ સહમત છે કે - મંદી એક એવી સ્થિતિ છે જેનાથી બચી શકાતું નથી. બીજા શબ્દોમાં કહીએ તો કોઈપણ અર્થવ્યવસ્થાને મંદીની સ્થિતિમાંથી પસાર થવું પડે છે. મંદીના મુખ્ય કારણોમાં વ્યાપાર ચક્ર, વ્યાજદરોમાં લગાતાર વૃદ્ધિ, ચીજવસ્તુની માંગમાં ઘટાડો, શેરબજારમાં ઘટાડો, મુદ્રાની આપૂર્તિ પર નિયંત્રણો, સરકારની ખરાબ નીતીઓ, ઉદ્યોગોની મૂલ્ય નિતીમાં પરિવર્તન, પેટ્રોલ-ડીઝલના ભાવમાં વધારો, કાયદો અને વ્યવસ્થાની ખરાબ સ્થિતિ, યુદ્ધ, અન્ય દેશોની મંદીની અસર અને ડોલર સામે રૂપિયાના મૂલ્યમાં ઘટાડો મુખ્ય ગણાય છે.

**વિશ્વમાં ઔદ્યોગિક ઉત્પાદનમાં ૪૫ ટકા અને આવાસ નિર્માણના દરમાં ૮૦ ટકાનો ઘટાડો થયો હતો**

**કેવી રીતે ખબર પડે મંદી આવી...**

મંદીની શરૂઆત કેવી રીતે ખબર પડે છે-- (૧) શેરબજારમાં સતત ગિરાવટ (૨) બેરોજગારીમાં ઉત્તરોત્તર વધારો (૩) વ્યવસાયિક લાભમાં સતત ઘટાડો (૪) ઉત્પાદનમાં ઘટાડો (૫) પ્રમુખ આર્થિક સૂચકાંકમાં ઘટાડો (૬) જમીન અને મકાનની કિંમતોમાં ઘટાડો (૭) લોનની ચૂકવણીમાં ઘટાડો (૮) અનિવાર્ય વસ્તુઓના ભાવમાં વધારો (૯) કંપનીઓ દ્વારા ભરતી પ્રક્રિયામાં પ્રતિબંધ (૧૦) લોકોની ખરીદશક્તિમાં ઘટાડો એટલે કે માંગમાં ઘટાડો.

**રઘુરામ રાજન શું કહે છે...**

ભારતીય રીઝર્વ બેન્કના પૂર્વ ગવર્નર રઘુરામ રાજને મંદીને દૂર કરવા માટે મહત્વના સૂચનો કર્યા છે. તેમણે આર્થિક મંદીને ચિંતાજનક ગણાવતાં કહ્યું છે કે સરકારે નોન બેન્કિંગ ફાઈનાન્સિયલ કંપનીઓ અને એનર્જી સેક્ટરની સમસ્યાઓને દૂર કરવા માટે તાત્કાલિક ધોરણે પગલાં ભરવા જોઈએ. ઈકોનોમીમાં તેજી લાવવા માટે ખાનગી ક્ષેત્રના રોકાણને પ્રોત્સાહિત કરવાના પ્રયત્નો કરવા જોઈએ. લોન સામે બેન્કોના વ્યાજદરમાં ધરખમ ઘટાડો કરવો જોઈએ.